| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૧/૦૩/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૨૧/૨૦૨૦**

## ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

### ચાંદખેડા પોલીસ સ્ટેશન :

**ચોરી ની ઓટોરીક્ષા સાથે એક આરોપી ઝડપી પાડતી ચાંદખેડા પોલીસ**

મે, પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમિત વિશ્વકર્મા સાહેબ સેક્ટર-1 તથા ના.પો.કમિ.શ્રી ઝોન-2 શ્રી ધર્મેન્દ્ર શર્મા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડી.એસ.પટેલ સાહેબ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી બી.કે.ગમાર સાહેબશ્રીની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા તેમજ શોધવા સારુ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી તેમજ સ્ટાફના માણસો પેટ્રોલીંગ દરમ્યાન અ.હે.કો.દિનેશકુમાર ધનજીભાઈ બ.નં.3450 નાઓની ખાનગી બાતમી હકિકત આધારે આરોપી (1)રાહુલ ઉર્ફે કાલુ કનુભાઈ સાધુ ઉ.વ.25 રહેવાસી,મ.નં.169 જનતાનગર સુશીલભાઈ સોનીના મકાનમા ચાંદખેડા અમદાવાદ મુળ વતન ગામ.ખીમજ તા.ડીસા જી. બનાસકાંઠા નાની પાસેથી ચોરીની ઓટોરીક્ષા નંબર. GJ-01-DY-8606 જેની કિ.રૂ.50,000/- ની મતાની પકડી પાડી ચાંદખેડા પોલીસ સ્ટેશન ફ.ગુરનં.11191008200100/2020 ધી ઈપીકો કલમ 379 મુજબનો ગુનો શોધી કાઢવામા આવેલ છે

# ગુમ થયેલ બાળક અને ભાગી ગયેલ ઉંમર લાયક વ્યક્તિને શોધી તેમના પરિવારને સોંપતી પોલીસ

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

### અમદાવાદ શહેરમાં અપહરણ ના ગુનાના કામે ગુમ બાળકને ગણતરીના કલાકોમાં પરત લાવી તેના વાલીવારસને સોપતી ઘાટલોડીયા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ શ્રી, અમદાવાદ શહેર તથા નાયબ પો.કમી.શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબનાઓની સુચનાથી પોલીસ ઇન્સપેકટરશ્રી પી.એમ. ગામીત ઘાટલોડીયા પોલીસ સ્ટેશન તેમજ ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી એસ.આર.ગામીત વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન નાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ અપહરણ જેમાં ગુમ બાળક નામે માનસ સ/ઓ કલ્પેશભાઇ નવનીતભાઇ જાતે-શાહ ઉ.વ.૧૫ (જ.તા.૦૨/૦૧/૨૦૦૫) નાઓનો ધો.૧૦ ના બોર્ડની પરીક્ષા ચાલતી હોય ડિવાઇન ચાઇલ્ડ સ્કુલ ઝુડાલ ખાતેથી બીઆરટીએસ મારફતે અપડાઉન કરતો હોય દરરોજની જેમ પરીક્ષા લખવા ગયેલ ત્યારબાદ પરીક્ષા લખી બીઆરટીએસ મારફતે સોલા ક્રોસ રોડ બીઆરટીએસ સ્ટેન્ડે ઉતરેલ ત્યારપછી તે ક્યાં ગયેલ તેની તપાસ કરતા કોઇ માહિતી મળેલ ના હોય તે બાબતે તેની માતા નામે અપેક્ષાબેન વા/ઓ કલ્પેશભાઇ નવનીતભાઇ શાહ ઉવ-૩૯ ધંધો-ઘરકામ રહે-૭૬/૯૦૪ કર્ણાવતી એપાર્ટમેન્ટ વિભાગ-૧ સોલા રોડ નારણપુરા ઘાટલોડીયા અમદાવાદ શહેર નાઓએ અત્રેના ઘાટલોડીયા પો.સ્ટે.ખાતે પાર્ટ-એ ગુ.ર.નં.11191004420061 થી ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબ ગુનો દાખલ કરાવેલ જે ગુમ થનાર બાળકને પરત લાવવા અત્રેના પોલીસ સ્ટેશનના ઇન્વે સ્કોડ પ્રો.પો.સ.ઇ. આર.એમ.માલકીયા નાઓ તથા હે.કો.હસમુખભાઇ નાથાભાઇ બ.નં.૫૧૮૮ તથા પો.કો.ભરતભાઇ રામાભાઇ બ.નં.૧૧૩૯ સતત તપાસમાં હતાં તેમજ સર્વેલન્સ સ્કોડના પો.કો.કરશનભાઇ ગોવાભાઇ બ.નં.૧૦૨૦૯ તથા પો.કો.રાજુભાઇ લલ્લુભાઇ બ.નં-૭૨૩૯ તથા લોકરક્ષક ગંગારામભાઇ રૂપસીભાઇ બ.નં.૧૨૦૨૦ તથા લોકરક્ષક હરદીપસિંહ ઉપેન્દ્રસિંહ બ.નં.૯૨૫ ના માણસો સઘન પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો.કરશનભાઇ ગોવાભાઇ બ.નં.૧૦૨૦૯ નાઓને મળેલ બાતમી આધારે જે સદર ગુમ થનાર ઘરનો રસ્તો ભુલી ભુલથી તેના મામાના મિત્રના ઘરે જતો રહેલાની માહિતી મળતા ઘાટલોડીયા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના માણસો ત્યાં જઇ ગુમ બાળક લઇ આવી સહી સલામત તેના વાલીવારસને સોંપી ઉમદા અને પ્રસંશનીય કામગીરી કરેલ છે.



## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>

# ઘરેથી ભાગી આવેલ અસ્થિર મગજના ઉમર લાયક વ્યક્તિને તેમના વાલીવારસ શોધી તેમના દિકરાને સોપતી ઇસનપુર પોલીસ

આજરોજ એક ઉમર લાયક માનસિક અસ્થિર મગજની વ્યક્તિ રખડતો-ભટકતો મળી આવતા તેને ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે લાવી તેમનુ નામ-સરનામુ પુછતા તે કઇ જણાવી શકતા ન હોય તેઓને સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબની સમક્ષ રજુ કરતા તેઓએ આ માનસિક અસ્થિર મગજના ઇસમના વાલી-વારસને આજુબાજુના વિસ્તારમા શોધવા માટે જણાવતા અ.હે.કો જાકીરખાન મહેબુબખાન તથા અ.હે.કો વાલસિંગભાઇ નાઓએ આ વ્યક્તિને પુછપરછ કરી ચેક કરતા તેઓના ખિસ્સામાથી એક ડાયરી મળી આવેલ જે ડાયરીમા મોબાઇલ નંબર લખેલ હોય તે પૈકીના એક મોબાઇલ નંબર ઉપર ફોન કરતા સામેથી નવિનભાઇ મોહનભાઇ ઝા રહે,રામકૃષ્ણ કોલોની ભરવાડવાસ કાપોદ્રા સુરતનો બોલતો હોવાનુ જણાવતા તેઓને મળી આવેલ વ્યક્તિનુ વર્ણન આપતા તે પોતાના પિતા મોહનભાઇ ગંગાપ્રસાદ ઝા ઉ.વ ૬૨ ના હોવાનુ અને માનસિક અસ્થિર હોવાનુ અને તેમની માનસિક બિમારીની સારવાર ચાલુ હોવાનુ અને આઠેક દિવસથી ઘરેથી નિકળી ગયેલ હોવાનુ જણાવતા તેમને ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે આવી જવાનુ જણાવતા તે અત્રે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે આવી જતા અને પોતાના પિતાજીને ઓળખી જતા સદરીને તેના પિતાનો હેમખેમ કબ્જો સોપી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



# SHE TEAM ની કામગીરીની વિગત

| | |
|---|---|
| **મેઘાણીનગર પોલીસ સ્ટેશન** ની SHE TEAM દ્વારા પંજાબ સોસાયટી તેમજ હોળી ચકલા શાકમાર્કેટ અને ચમનપુરા રિક્ષા ડ્રાઇવરો સાથે મિટિંગ કરી મહિલાઓની સુરક્ષા માટે ૧૦૦ નંબર તથા મહિલા હેલ્પલાઇન ૧૮૧ નંબર વિશે માહિતગાર કર્યા. |  |
| **રાણીપ પો.સ્ટે.** ની SHE TEAM દ્વારા સિનિયર સિટીઝન નાઓની મુલાકાત લેવામા આવેલ છે. |  |
|  |  |

# પાસા અટકાયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :

## ભારતીય બનાવટના વિદેશી દારુના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતીને અટકાવવા તથા પ્રોહીબિશનની પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સશ્રી કે.સી.રાઠવાનાઓએ મે.પો.કમિસાશ્રીનાઓના તરફ આરોપી ગોપાલ S/O શ્યામસુંદર વાધવાણી ઉ.વ.૩૨ રહે-મ.નં.૩૧૪/બી,સિંધી કોલોની, સરદારનગર, અમદાવાદ શહેરનાઓ વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવેલ જે પાસા દરખાસ્ત અનુસંધાને મે.પો.કમિશ્રીનાઓના હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/ ૨૨૬/૨૦૨૦ તા-૨૯/૦૨/૨૦૨૦ થી સદરી આરોપીને ખાસ જેલ સુરત ખાતે કેદ રહેવા મોકલી આપવા મે.પો.કમિસાશ્રીનાઓએ હુકમ કરતા સદરી આરોપીને ખાસ જેલ પાલારા સુરત ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીઓનું નામ :** ગોપાલ S/O શ્યામસુંદર વાધવાણી ઉ.વ.૩૨ રહે-મ.નં.૩૧૪/બી,સિંધી કોલોની, સરદારનગર, અમદાવાદ શહેર

**આરોપી વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ**

એરપોર્ટ પો.સ્ટે પ્રોહી.ગુ.ર નં- પાર્ટ C-11191046200121/2020

**મુદ્દામાલ**-જુદી જુદી બ્રાન્ડનો ભારતીય બનાવટના વિદેશીદારૂના જથ્થો બોટલ નંગ-૨૩૦, કુલ્લે કિં.રૂ.૧૦૦,૧૦૦/- ની મતાનો.

**મુદ્દામાલ શોધી કાઢી કામગીરી કરનાર કર્મચારીઓ**- પો.ઇન્સ કે.સી.રાઠવા, પો.સ.ઇ. ડી.બી.પ્રજાપતિ, પો.કો જગદિશકુમાર જયંતીભાઇ, લો.ર કેતનકુમાર ગોવિંદભાઇ, લો.ર દશરથકુમાર અમૃતભાઇ પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ બ નં-૧૩૧૮૫.

આરોપીઓનો ફોટો



**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## બી.આર.ટી.એસ બસમા પેસેન્જરના પૈસા કાઢવાના ગુનામા પકડાયેલ આરોપીઓને પાસા કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી.સાંખલા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ બી.આર.ટી.એસ બસમા પેસેન્જરના પૈસા કાઢવાના ગુનામા પકડાયેલ આરોપીઓના પાસાના પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.હે.કો સુરેશકુમાર જીવણભાઇ તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસોએ આરોપીઓને શોધી કાઢી પકડી પાડી આરોપી (૧) વિશાલ વિનોદભાઇ ઠક્કર (લોહાણા) ઉ.વ ૩૪ રહે,મ.નં ૩૮ પ્રગતીનગર સોસાયટી ભમ્મરીયા કુવાની બાજુમા ભમ્મરીયા નારોલ અમદાવાદ શહેરનાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૨૨૩/૨૦૨૦ તા.૨૯/૦૨/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ લાજપોર સુરત તથા (૨) નાનજીભાઇ રાવતાજી ઠાકોર ઉ.વ ૩૮ રહે,સુભાષનગરના છાપરા જશોદાનગર ખોખરા અમદાવાદ શહેરનાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૨૨૪/૨૦૨૦ તા.૨૯/૦૨/૨૦૨૦ થી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવામા આવેલ છે



## નારોલ પોલીસ સ્ટેશન :

## પ્રોહીબિશનની પ્રવુતિ સાથે સંકળાયેલ આરોપણબેનને પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પ્રોહીબિશન સબંધી ગુનાઓના કામના આરોપણ બેન ટીનીબેન રાજેશભાઇ ચુનારા રહે, ભરવાડવાસ પીપળજ નારોલ અમદાવાદ શહેર નાઓની વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૨૨૫/૨૦૨૦ તા.૨૯/૦૨/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદર આરોપણ ને આજ-રોજ તારીખ. ૨૯/૦૨/૨૦૨૦ ના કલાક ૧૮/૪૫ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપેલ છે.




## પાલડી પોલીસ સ્ટેશન :

## વ્હીકલ ચોરીના ગુનામાં સંડોવાયેલો રીઢા ગુનેગારની પાસા હેઠળ અટકાયત કરતી પાલડી પોલીસ

દાણીલીમડા પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૧૩૧/૨૦૧૯ ઈ.પી.કો કલમ- ૩૭૯ મુજબ તથા પાલડી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- પાર્ટ એ-૧૧૧૯૧૦૧૬૨૦૦૦૨૮/૨૦૨૦ ઈ.પી.કો કલમ- ૩૭૯ મુજબના કામે આરોપી સહેજાદ ઉર્ફે સદામ મોહમદયુનુસભાઈ અંસારી ઉ.વ. ૨૩ રહે, ૭, આયસાબીબીની ચાલી ભારતી પાન સેન્ટરની પાસે મિલ્લતનગર ઈસનપુર અમદાવાદ શહેર નાઓને <u>મે.પોલીસ કમિશ્નરની કચેરીના પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૧૯/૨૦૨૦ તા.૨૯/૦૨/૨૦૨૦</u> ના કલાક ૨૧/૪૫ વાગે હુકમની બજવણી કરી **<u>મધ્યસ્થ જેલ લાજપોર સુરત</u>** ખાતે અટકાયતમાં રહેવા માટે જરૂરી પોલીસ જાપ્તા સાથે મોકલી આપવાની તજવીજ હાથ ધરવામાં આવેલ છે. તા.૨૯/૦૨/૨૦૨૦.

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૨૮.૦૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત/શરીર, પ્રોહીબીશન સબંધી, ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતે ફરીયાદીની સગીરવયની દિકરીને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઇરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ જઇ ભોગ બનનારની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધી બળાત્કાર કરી તેમજ પોતાના સાગરીત સાથે મળી મો.સા.ઉપર આવી સાહેદને ડાબા હાથના પંજાના ભાગે ચપ્પુ મારી ફરીયાદીના મો.ફોનની લુંટ કરી લઇ જઇ ગુનાહિત માનસ ધરાવનાર ઇસમ **<u>ભાવેશ ઉર્ફે મલીંગા મનોજભાઇ સાધુ ઉવ.૨૧ રહે.મ.નં.૧૦/૩૧૦ ચીત્રકુટ આવાસ ઔડાના મકાનમાં મનોહરવીલા ચાર રસ્તા પાસે નરોડા અમદાવાદ શહેર.તથા ગામ.લાખવણ કુન્સ ચોકડી તા.જિ.મહેસાણા.</u>** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે .

| | |
|---|---|
|  | ભાવેશ ઉર્ફે મલીંગા મનોજભાઇ સાધુ ઉવ.૨૧ રહે.મ.નં.૧૦/૩૧૦ ચીત્રકુટ આવાસ ઔડાના મકાનમાં મનોહરવીલા ચાર રસ્તા પાસે નરોડા અમદાવાદ શહેર.તથા ગામ.લાખવણ કુન્સ ચોકડી તા.જિ.મહેસાણા. |

- અમદાવાદ શહેરના એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઇસમ પોતાના સાગરીતો સાથે મળી એકસંપ થઇ ગે.કા.મંડળી રચી પોતાનો સામાન્ય ઇરાદો પાર પાડવા સારુ ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી ઝઘડો કરી ફરીયાદી તથા સાહેદોને ગડદાપાટુનો માર મારી સાગરીતે છરી વડે ફરીયાદીને ઇજાઓ કરી તથા સાગરીતોએ છુડા હાથનો પથ્થરમારો કરી તેમજ પોતાના સાગરીતો સાથે મળી એકસંપ થઇ ગે.કા.મંડળી રચી પોતાનો સામાન્ય ઇરાદો પાર પાડવા સારુ ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી ઝઘડો કરી ગડદાપાટુનો માર મારી સાગરીતોએ તલવાર વડે ફરીયાદીને ઇજાઓ કરી સાગરીતોએ રીક્ષાને નુકશાન કરી ફરીયાદીના પર્સમાંથી રોકડ નાણાં કાઢી લઇ ઝપાઝપી દરમ્યાન ફરીયાદીએ ગળામાં પહેરેલ સોનાની ચેઇન તથા મંગળસુત્ર કાઢી લઇ લુંટ કરી ગુનાહિત માનસ ધરાવનાર ઇસમ **<u>જમાલુદ્દીન ઉર્ફે આસીફ યુનુસભાઇ અબ્દુલભાઇ ચૌહાણ ઉવ.૨૯ રહે.મ.નં.૨૨૭૨ સલાટવાડો ઉર્દૂ શાળા પાસે દરીયાપુર અમદાવા શહેર.</u>** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે .

| | |
|---|---|
|  | જમાલુદ્દીન ઉર્ફે આસીફ યુનુસભાઇ અબ્દુલભાઇ ચૌહાણ ઉવ.૨૯ રહે.મ.નં.૨૨૭૨ સલાટવાડો ઉર્દૂ શાળા પાસે દરીયાપુર અમદાવા શહેર.મુળ વતન.મ.નં.૬ નાવલી ગામ શેરી નં.૧૨ સાવરકુંડલા તા.સાવરકુંડલા જિ.અમરેલી. |

- અમદાવાદ શહેરના ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઇસમ પોતાના સાગરીતો સાથે મળી ફરીયાદીઓની ફોરવ્હીલ કારના કાચ તોડી કારમાંથી લેપટોપ હાર્ડડીસ્ક પેન ડ્રાઇવ મો.ફોન સોનાના દાગીના તથા રોકડ નાણાંની ચોરી કરી લઇ જઇ ફોરવ્હીલ કારના કાચ તોડી નુકશાન કરી ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઇસમ **અજય રામસિંહ રામપાલ યાદવ ઉવ.૫૦ રહે.દયાલકાકાના મકાનમાં ઇન્દીરાનગર વિભાગ૧ તા.અસલાલી જિ.અમદાવાદ.મુળ વતન.દાદીકા ફાટક ૨૦૦ ફુટ બાયપાસ ભોરાકા લાગળ જયપુર સીટી રાજસ્થાન.** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે .

| | |
|---|---|
|  | અજય રામસિંહ રામપાલ યાદવ ઉવ.૫૦ રહે.દયાલકાકાના મકાનમાં ઇન્દીરાનગર વિભાગ૧ તા.અસલાલી જિ.અમદાવાદ.મુળ વતન.દાદીકા ફાટક ૨૦૦ ફુટ બાયપાસ ભોરાકા લાગળ જયપુર સીટી રાજસ્થાન. |

- આ ઉપરાંત પ્રોહીબીશન સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૫ ઇસમ મળી **કુલ્લે ૧૧ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત તથા રાજકોટ તથા વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.